**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

(વિભાગ-૧ 'વચનામૃત' પચીસમી આવૃત્તિ : મે ૨૦૦૮ના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

**૧. વચનામૃત ગ.પ્ર. ૫૦ પ્રમાણે ભગવાનના ભક્તની બુદ્ધિ શાને વિષે અંધકારે યુક્ત વર્તે છે ? (પ્ર.૫૦/૯૪)**

જ. ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી.

**૨. વચનામૃત ગ.પ્ર. ૬૦ પ્રમાણે વાસના ટાળવાના ત્રણ ઉપાય લખો. (પ્ર.૬૦/૧૧૨)**

જ. ૧. આત્મનિષ્ઠાની દૃઢતા જોઈએ ૨. પંચવિષયનું તુચ્છપણું જાણ્યું જોઈએ
૩. ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણ્યું જોઈએ.

**૩. સત્પુરુષ પોતાના સંગીનું કેવું હિત કરે છે ? (પ્ર.૬૭/૧૩૨)**

જ. આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.

**૪. વચનામૃત પં. ૭ પ્રમાણે તત્ત્વે કરીને ભગવાનને ક્યારે જાણ્યા કહેવાય? (પં.૭/૩૪૬-૩૪૭)**

જ. તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય-સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. એકાંતિક ભક્ત થવા માટે આત્મનિષ્ઠા અને પ્રીતિ (ભક્તિ)ની પરસ્પર અપેક્ષા સમજાવો. (પ્ર.૧૯/૨૯)**

આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિષે પ્રીતિ ન હોય તો તે પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે, 'માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત નથી પામતો; અને શ્રીહરિને વિષે પ્રીતિ હોય પણ જો આત્મનિષ્ઠા ન હોય તો દેહાભિમાનને યોગે કરીને તે પ્રીતિની સિદ્ધિ થાતી નથી.

**૨. ગ.પ્ર. ૩૭માં શ્રીજીમહારાજે યથાર્થ ભગવાનના ભક્ત અને સંતનો શું મહિમા કહ્યો છે ? (પ્ર.૩૭/૬૫)**

(૧) એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ, અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ, અને તેનાં દર્શનને પણ ઇચ્છીએ છીએ. (૨) અને જે એવા યર્થાથ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે, અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.

**૩. અષ્ટ પ્રકારની પ્રતિમામાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે એ વાત શ્રીજીમહારાજે કઈ રીતે સમજાવી છે ? (પ્ર.૬૮/૧૩૪)**

આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે અને સર્વ શબ્દને સાંભળે છે. અને શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, 'શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.' માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઈચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે. માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે; તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે.

**૪. જેમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા સંતને શેને શેને વિષે તુલ્યભાવ રહે છે ? (પ્ર.૨૭/૪૬)**

જે ચાયે કોઈ મારી ઉપર ધૂડ નાંખો, ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે;' તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતમાંથી કોઈપણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો.**
**(ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

**૧. ડગલાનું દૃષ્ટાંત (પ્ર.૪૪/૮૩) દૃષ્ટાંત :** જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે,' એમ જે માને તે મૂર્ખ કહેવાય; તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે, તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય અને તેને પશુ જેવો જાણવો. અને ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા-બોન, દીકરીઓ અને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકે પાળતી નથી. માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે ? અને આવી રીતની સમજણ વિના જન્મભૂમિની જે દેશવાસના તે ટળવી ઘણી કઠણ છે. અને જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે. **સિદ્ધાંતઃ** પોતાને દેહથી પૃથક જીવાત્મા તે રૂપે માનવું. દેહ ને દેહનાં સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરવું.

**૨. સૂર્ય સામી ધૂળની ફાંટના દૃષ્ટાંતે દોષરૂપી દુઃખ (પ્ર.૨૪/૩૯) દૃષ્ટાંત :** એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ 'સૂર્ય સામી ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે,' તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.

**સિદ્ધાંતઃ** ભગવાનને વિષે જે જે દોષ કલ્પે તે પોતાને જ દુઃખ દે છે. માટે નિર્દોષમૂર્તિ ભગવાનમાં કોઈ દોષ કલ્પવો નહિ.

**૩. પાંજરા અને બેડીનું દૃષ્ટાંત (પં.૩/૩૩૧-૩૩૨) દૃષ્ટાંત :** જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય, તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે પણ છૂટો મેલે નહીં ને વિશ્વાસ પણ કરે નહીં; અને જો તેને છૂટો મેલે ને વિશ્વાસ કરે તો તે રાજાને તે વૈરી નિશ્ચય મારે. તેમ જો ઇન્દ્રિયોરૂપ વૈરીનો વિશ્વાસ કરે ને છૂટાં મૂકે ને કેદમાં ન રાખે તો એને નિશ્ચય ભગવાનના માર્ગ થકી પાડી નાંખે છે. માટે એનો વિશ્વાસ ન કરવો. અને વળી જેમ ઈંગ્રેજ કોઈક ગુનેગારને પકડે ત્યારે તેને પાંજરામાં ઊભો રાખીને પૂછે છે, પણ છૂટો મૂકતો નથી ને તેનો વિશ્વાસ કરતો નથી. **સિદ્ધાંતઃ** રાજાનો વૈરી છૂટો મૂકાય તો નિશ્ચય તે ભવિષ્યમાં રાજાને મારે. તેમ ઇન્દ્રિયોરૂપ વૈરીને જો છૂટા મૂકીએ તો તે ભગવાનના માર્ગ થકી પાડી વિષયના માર્ગે જોડે છે. માટે ઇન્દ્રિયોને પંચ વર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો.**

૧. **મૂર્ખાઓ પોતે કેટલા છે તે ગણતા હતા, તેમાં એક ઓછો થયો. (પ્ર.૨૦/૩૦)**

**સંદર્ભ :** ગ.પ્ર. ૨૦ આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.

**સમજૂતિ :** આ દેહમાં રહેલો જીવ અનંત પ્રકારના વિષય ભોગવી તેમાં સુખને શોધવાનો પ્રયત્ન કરે છે. પણ પોતે પોતાના સુખને એટલે કે આત્માના સુખે સુખી રહેવાને બદલે બાહ્ય સુખમાં સુખ શોધે છે. એટલે મહારાજે તેમને અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની કહી તેવી જ બીજી ઉપમાઓ આપે છે.

૨. **પ્રમુખસ્વામી મહારાજને ભગવાન વિના અમેરિકા માથાભર પાયખાનામાં બુડવા જેવું લાગ્યું. (પ્ર.૨૧/૩૧, ૩૨)**

**સંદર્ભ :** ગ. પ્ર. ૨૧ પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે.

**સમજૂતિ :** સર્વ જગતના કર્તા છે. જેણે આ સૃષ્ટિની રચના કરી છે. તેને જ જોવા જોઈએ. કાર્યને બદલે કારણને જોવાથી તેનો મહિમા સમજાય તેવું જણાય છે. પછી જગતના સર્વ શ્રેષ્ઠ પદાર્થો પણ નાશવંત અને તુચ્છ જણાય છે. પ્રમુખસ્વામી મહારાજ ભગવાનના સુખે સુખિયા હોવાથી તેમને ભગવાન વિનાનું અમેરિકા માથાભર પાયખાનામાં બુડવા જેવું લાગે છે.

૩. **ગઢડાના બાપુ જીવાખાચરથી દાદાખાચરનો ઉત્કર્ષ ખમાતો નહીં. (પ્ર.૭૧/૧૪૨)**

**સંદર્ભ :** ગ. પ્ર. ૭૧ જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહીં અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે.

**સમજૂતિ :** દાદા ખાચરની ભક્તિથી વશ થઈ શ્રીજીમહારાજ તેમના દરબારમાં રહેતા, સેવા અંગીકાર કરતા વખાણ કરતા. આ જીવાખાચરથી સહન થતું નહીં. ભાવનગર રાજ્યમાં ફરિયાદ કરી દાદાખાચરનું બગાડતા. છેલ્લે મહારાજને મારવા સુધી તૈયાર થયા.

૪. **નિષ્કુળાનંદ સ્વામીએ ગઢડાની મહંતાઈ છોડીને ધોલેરા જવાનું પસંદ કર્યું. (પ્ર.૪૭/૮૯-૯૦)**

**સંદર્ભ :** તે ભક્ત જે તે ત્યાગી એવા જે ભગવાનના ભક્ત તેના સમાગમને જ કરે, અને ભગવાનની ભક્તિ કરે તે પણ પોતાના ત્યાગમાં વિરોધ ન આવે તેવી રીતે કરે, અને ત્યાગ છે પ્રધાનપણે જેમાં એવી વાર્તાને પોતે કરે અને ત્યાગને પ્રતિપાદન કરનારું જે શાસ્ત્ર તેને વિષે રુચિવાળો હોય, અને પોતાના ત્યાગને વિષે વિરોધ કરનારાં જે સ્વાદુ ભોજન અને સદ્વસ્ત્રાદિક પંચવિષય સંબંધી માયિક પદાર્થમાત્ર તેને પામવાને વિષે અતિશય અરુચિ વર્તે.

**સમજૂતિ :** ત્યાગની રુચિવાળા નિષ્કુળાનંદ સ્વામીને મહારાજે ગઢડાના મહંત બનાવવાની વાત કરી. ત્યારે તે અધિકાર તેમને ભારરૂપ લાગ્યો. ત્યાં પંચવિષય સંબંધી પદાર્થોનો યોગ વિશેષ રહે. ધોલેરા ખૂણાનું ગામ, સૂકો પ્રદેશને કારણે નિરસ અને નિર્જન જેવું કોઈ પદાર્થનો યોગ જ ન થાય. માટે ધોલેરા જવાનું પસંદ કર્યું.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯)** **નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. 'અને જો કોઈ અમારો વાદ લેશો તો તેનું તો જરૂર ભૂંડું થાશે, કાં જે, અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે અને હું તો અનાદિ મુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો. અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું; જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું.' (ગ.પ્ર. ૧૮) (૫)

૨. 'જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરનાં બે સ્વરૂપ છે એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ; અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.' (ગ.પ્ર. ૨૧) (૧૧)

૩. 'જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે. અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહજે જ હેત થાય છે.' (ગ.પ્ર.૭૬) (૨૭)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :- (૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. લોજમાં નીલકંઠવર્ણીનો પ્રભાવ (ભાગ ૧, ઉદ્‌ગીથ - ૧૬) (૩૧૩ થી ૩૨૮)**

૧. નીલકંઠ વર્ણીને જોતાં જ પનિહારીઓના પગ ચોંટી ગયા - સુખાનંદ સ્વામીની વૃત્તિઓ નીલકંઠ વર્ણીમાં ખેંચાઈ ગઈ. ૧/૩૧૩
૨. 'તમે બ્રહ્મમાં બદ્ધ થાઓ. તમારા આધારે બધું જ સ્વસ્થ થઈ જશે' - સાંભળી સુખાનંદ સ્વામી ચમક્યા ૧/૩૧૫
૩. મારી સમગ્ર ઇન્દ્રિયો ઉપશમ પામી ગઈ. મારી વૃત્તિઓના વિકાર શાંત થઈ ગયા- સુખાનંદ સ્વામી ૧/૩૧૬
૪. આ વર્ણી કેવળ અતિથિ નથી, કોઈ વિભૂતિ છે. - મુક્તાનંદ સ્વામી ૧/૩૧૬
૫. પાંચ અનાદિ તત્વો સંબંધી વર્ણીનો પ્રશ્ન - આપ આ પ્રશ્ન પૂછી શકો છો તે જ આપની મહાનતા સૂચવે છે મુ. સ્વા. ૧/૩૧૭
૬. જન્માષ્ટમીના ઉત્સવમાં બે સ્વરૂપે વર્ણીનાં દર્શન કરી સૌ આશ્ચર્યમય બની ગયા. ૧/૩૨૧-૩૨૨
૭. જીવરાજ શેઠના ડેલામાં મુક્તાનંદ સ્વામીની સભાનો વર્ણીએ ત્યાગ કરતાં સૌનાં ચિત્તની એકાગ્રતા તૂટતાં મુક્તાનંદ સ્વામીને થયેલું આશ્ચર્ય - સ્ત્રીઓનાં દર્શન અને પ્રસંગ હવે વર્જ્ય છે. - મુક્તાનંદ સ્વામી. ૧/૩૨૨-૩૨૩
૮. નૈષ્ઠિક બ્રહ્મચર્યના ધર્મો શાસ્ત્રોમાં તો લખ્યા જ છે પણ શુદ્ધ રીતે પળાવવાનો આગ્રહ વર્ણી સિવાય કોઈએ રાખ્યો નથી. - મુક્તાનંદ સ્વામી. ૧/૩૨૪
૯. ગુરુ રામાનંદ તો આ સ્વરૂપે નહિ પધાર્યા હોય આ વર્ણી સદા ધ્યાનસ્થ દશામાં રહે છે.- મુક્તાનંદ સ્વામી તથા આશ્રમના સાધુઓ. ૧/૩૨૫
૧૦. થાંભલાને બાથ ભીડી - ગુરુની આજ્ઞા પાળવાની તત્પરતા જોઈ - મુ. સ્વા. અને સૌ સંતો વિસ્મય પામ્યા. ૧/૩૨૬
૧૧. છોકરીઓને છાણના પોદળામાં બ્રહ્માંડનાં દર્શન થતાં - તેથી છાણ લેવા આવતી છોકરીઓ પર પ્રભાવ. ૧/૩૨૭
૧૨. ગાંસડો તો સરજુદાસને માથે વેંત એક અદ્ધર હતો - દેવા શેઠ. ૧/૩૨૮-૩૨૯

**૨. શરણાર્થીનો આદર્શ : સહજાનંદ સ્વામીના ભક્તો (ભાગ -૧ ઉદ્‌ગીથ ૧ થી ૨૨ ભાગ - ૨ ઉદ્‌ગીથ - ૧ થી ૬)**

૧. જ્યાં ભગવાન બિરાજે ત્યાં શંકા, ભય, ક્લેશ હોય ! એને ભક્તિનો ઉન્માદ ચડ્યો હશે - ઉન્નડ ખાચર ૧/૩૮૨
૨. સ્વામી અને વર્ણીનો પરતાપ જ એવો છે. વેરઝેર બધાં અહીં ભુલાઈ જાય - ઉન્નડ ખાચર ૧/૩૮૩
૩. મુસલમાનને વેરની વેદના ટળી - મને તમારા એ ઓલિયાનાં દર્શન કરાવો - તમે અલ્લા છો તો મારા ઉપર રહેમ કરજો. ૧/૩૮૨-૩૮૩
૪. શીતલદાસને સમાધિમાં મહારાજના સ્વરૂપનો નિશ્ચય થતાં તે દિવસે જ દીક્ષા ગ્રહણ કરી. ૧/૩૯૨-૩૯૩
૫. આશ્રિત ભીમભાઈએ નરકમાં પડેલા જીવો માટે પ્રાર્થના કરી નરકના કુંડ ખાલી કરાવ્યા. ૧/૪૦૩

| | | |
|---|---|---|
| ૬. | લોકોના ભલા માટે માંગરોળમાં સંતો-હરિભક્તોએ જાતે શ્રમ કરી વાવ ગાળવાનું કાર્ય કર્યું. | ૧/૪૧૨ |
| ૭. | શરણાર્થી મેઘજિતે શ્રીહરિને પ્રાર્થના કરી અપરાધની ક્ષમા માંગતા સિદ્ધિના મદનો ત્યાગ કર્યો. | ૧/૪૧૬ |
| ૮. | ટીકરેપુર ગામે વસ્તા સુથારે મહારાજની આજ્ઞાથી કાશીની યાત્રાનો સંકલ્પ માંડી વાળ્યો. | ૧/૪૧૯ |
| ૯. | નમતું જોખવાનું રામદાસ સ્વામીના સ્વભાવમાં ન હતું છતાં રઘુનાથદાસને સમજાવીને સત્સંગમા રહે તેવો પ્રયત્ન કરવાની આજ્ઞા માની | ૧/૪૨૨ |
| ૧૦. | શરણાર્થી મગનીરામે પોતાની જટાના વાળ સંતોના રસ્તે પાથરી - સંતોના જોડાની ગાંસડી માથે મૂકી સંતોની પ્રદક્ષિણા કરી. | ૧/૪૨૯ |
| ૧૧. | દીવ બંદરના વણિક ભક્તને મહારાજ સર્વોપરી છે તેવો નિશ્ચય થયોને ત્રણ-ચાર વર્ષમાં દીક્ષા લીધી | ૧/૪૩૮ |
| ૧૨. | ઉત્તર હિંદના વાસી નૃસિંહાનંદ સ્વામી 'સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે.' સાંભળી શોધતાં શોધતાં લોજમાં આવી સમાગમ કર્યો અને દીક્ષા લીધી. | ૧/૪૪૦-૪૪૧ |
| ૧૩. | મુક્તાનંદ સ્વામીએ આરતી બનાવી. | ૧/૪૪૫ |
| ૧૪. | ઉત્તર પ્રદેશના દિનમણી શર્માએ પ્રથમ દર્શને જ ત્યાગી થઈને રહેવાનો નિર્ણય કર્યો. | ૧/૪૫૪ |
| ૧૫. | શ્રીહરિના મનુષ્ય સ્વરૂપમાં દિવ્ય સ્વરૂપની ઝાંખી થતાં લાડકીબાઈના અંતરમાંથી કામનાઓની ઈચ્છા ટળી ગઈ. | ૧/૪૫૫ |
| ૧૬. | અબડાશા ફકીરે મહારાજે આપેલા નિયમો લીધા. | ૧/૪૫૭ |
| ૧૭. | પીપલાણાનાં લાડકીબાઈ અને તેમની પુત્રી રુકમાઈએ મેઘપુરમાં બ્રાહ્મણોની ચોરાશી કરવા મહારાજને દસ હજાર કોરી અર્પણ કરી. - સુથાર હરિભક્તે બળતર પૂરું પાડવાનું માથે લીધું. | ૧/૪૫૭ |
| ૧૮. | સુંદરજી મહારાજની આજ્ઞાથી તરત જ ભગવાં પહેરી લીધાં. | ૨/૧૯ |
| ૧૯. | શ્રીહરિના સંતો ઉપર ભેખે વર્તાવેલો ત્રાસ | ૨/૨૩ |
| ૨૦. | કરિયાણામાં મીણબાઈ : જો અંદર પુરાયા છો, તો બહારથી શી રીતે જશો ? ઘોડી ડગલુંયે ખસી નહિ. | ૨/૨૮ |
| ૨૧. | કુંડળના રાઈબાઈ : ગોકુળ અને વૃંદાવન સૌરાષ્ટ્રની ધરતી પર ઉતર્યા. | ૨/૩૬ |
| ૨૨. | ગજા ગઢવીએ મહારાજના પ્રથમ દર્શને જ વર્તમાન લીધાં. - થોડા સમય પછી દીક્ષા લઈ પૂર્ણાનંદ બન્યા. | ૨/૩૮ |
| ૨૩. | વડતાલના બાપુભાઈએ બોચાસણમાં પ્રથમ દર્શને ભગવાનને ઓળખી લેતાં મહારાજને વડતાલ આવવાનું આમંત્રણ આપ્યું | ૨/૪૨-૪૩ |
| ૨૪. | ગોવિંદ સ્વામીએ મૂર્તિમાન મળેલ માયાનો ત્યાગ કર્યો | ૨/૫૧-૫૨ |
| ૨૫ | મહારાજની આજ્ઞા થતાં જ ગજીનો એક મોટો કટકો (ચલાખો) લાવ્યા. | ૨/૬૨ |
| ૨૬. | કીડીઓનો રાફડો જોઈ 'આવા અસંખ્ય જીવોનો શી રીતે મોક્ષ થાય ? ' - વશરામ સુથારને આવેલો વિચાર | ૨/૬૩ |
| ૨૭. | લાલજી ભક્ત નિષ્કુળાનંદ બને છે. - સાસરાના ગામમાં જ પત્ની પાસે ભિક્ષા માગી | ૨/૭૨-૭૩ |
| ૨૮. | કોઈ ગોડિયો હોય તે પણ તમારા લાગમાં ન આવે - એવું જ્ઞાન મારામાં નથી પણ તમે ભગવાન છો એ સાચું | ૨/૮૨ |
| **૩.** | **ઘનશ્યામનાં બાળચરિત્રોમાંથી પ્રગટ થતો એકાંતિક ધર્મ (ભાગ ૧, ઉદ્‌ગીથ - ૧ થી ૬)** | |
| | એકાંતિક ધર્મ એટલે ધર્મ, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ | |
| **૧.** | **ધર્મ :** ૧. માછીમારને ઉપદેશ આપી હિંસા બંધ કરાવી (અહિંસા ધર્મ) | ૧/૩૫-૩૬ |
| | ૨. જનોઈમાં ભાભીએ માથે ટકોરા માર્યા - હાથ છોડી દીધો. (બ્રહ્મચર્ય) | ૧/૭૨ |
| **૨.** | **જ્ઞાન :** ૧. પિતાએ પરીક્ષા કરી ત્યારે શાસ્ત્રનો ગ્રંથ ઉપાડ્યો. | ૧/૨૯ |
| | ૨. અધ્યયનમાં જ્ઞાનની પરાકાષ્ટા | ૧/૪૫ |
| | ૩. ગંગામાં વિદ્વત્‌સભામાં વાદ - જીત | ૧/૭૯ |
| **૩.** | **વૈરાગ્ય :** ૧. સારાં વસ્ત્ર-અલંકાર અને ભોજન પર અરુચિ | ૧/૩૨,૪૬ |
| | ૨. માતા-પિતાના ધામગમન બાદ ઉદાસીનતા - ગૃહત્યાગ | ૧/૯૩,૯૬ |
| **૪.** | **ભક્તિ :** ૧. હનુમાન ગઢીએ દર્શન | ૧/૪૨ |
| ૨. | મોહનદાસ બાવાને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો. | ૧/૬૫ |
| ૩. | નિત્યક્રમમાં એકાંતિક ધર્મના દર્શન | ૧/૪૫-૪૬ |
| ૪. | સૌને ઘનશ્યામનું ઘેલું લાગ્યું (વર્તનમાં એકાંતિક ધર્મના દર્શનને કારણે) | ૧/૭૬ |

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. રામપ્રતાપભાઈને થયેલો ઘનશ્યામના ઐશ્વર્યનો અનુભવ (બાળચરિત્રોમાંથી)**

૧. કડવાં ચીભડાં મીઠાં થયાં - ચકલાંને સમાધિ ૧/૩૭-૩૮
૨. એક સાથે અનેક તીર્થોમાં ઘનશ્યામનાં દર્શન ૧/૪૭
૩. કંદોઈની દુકાનમાં મીઠાઈનાં ટોપલાં અકબંધ ભરેલા જોયા. ૧/૫૧
૪. કીનકીથી આંબલિયા જતાં અંધારું થઈ જતાં ઘનશ્યામના શરીરમાંથી પ્રકાશ નીકળતો જોવા મળ્યો ૧/૫૫
૫. ચીભડાંના ખેંચી કાઢેલા વેલા પાછા ખેતરમાં ઊભેલા દેખાયા. ૧/૫૭
૬. વીસ વર્ષના મલ્લને ઘનશ્યામે હરાવ્યો- ત્યાં આવેલા રામપ્રતાપભાઈ મામલો પામી ગયાને ઘનશ્યામને ડરાવવા આવેલા મલ્લના બાપને ડારો આપ્યો. ૧/૮૯

**૨. શસ્ત્ર વગર નીલકંઠવર્ણીએ કરેલો અસુરોનો સંહાર (ભાગ ૧, ઉદ્‌ગીથ ૧૨, ૧૩)**

૧. જનકપુરમાં ઈન્દ્રદ્યુમ્ન સરોવર પર આસુરી ભાવવાળા બાવાઓ અંદરોઅંદર લડીને મૃત્યુ પામ્યા ૧/૨૧૮
૨. માનસપુરમાં બાવાઓની લડાઈ - રાજાના લશ્કર દ્વારા સંહાર ૧/૨૨૬-૨૨૮

**૩. 'સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે ... તેને સત્સંગ બહાર કાઢી મેલવો.' (વચ.ગ.પ્ર. ૧૮) આ વાક્યને સમર્થન આપતા બે પ્રસંગ લખો. (ભાગ ૧, ઉદ્‌ગીથ - ૨૨, ભાગ ૨, ઉદ્‌ગીથ ૨,૫)**

૧. હરબાઈ અને વાલબાઈ જુદા પડે છે. ૧/૪૪૬-૪૪૯
૨. રઘુનાથદાસે કરેલી ઉપાધિ ૨/૧૪-૧૬
૩. રઘુનાથદાસને વિમુખ કરે છે. ૨/૫૮-૫૯

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.**

**૧. કરુણાદષ્ટિ રે દેખી વાન જ વાળે (ભાગ - ૧ ઉદ્‌ગીથ ૧૧, પે. ૧૮૮)**

જ. સિરપુરમાં તેલંગણથી આવેલા બ્રાહ્મણે સિધ્ધવલ્લભ રાજા પાસે દાનમાં કાળપુરુષ અને હાથી લીધો - તેનું બ્રહ્મજ્ઞાન સ્ત્રવી ગયું - શરીર શ્યામ પડી ગયું - સૌના ઉપાલંભનું કારણ બન્યો - નીલકંઠવર્ણીના શરણે - વર્ણીએ આપેલો ઉપદેશ - શરણાગતની સાર લેવી ભગવાન અને સંતનો ધર્મ - કરુણાદષ્ટિથી જોતાં શ્યામલતા ચાલી ગઈ. ૧/૧૮૯-૧૮૯

**મનન :** ભગવાન અને સંત શરણાગત જીવની સંભાળ લેતા હોય છે. જીવ એકવાર તેમને શરણે જાય અને નિષ્કપટ ભાવે પોતાનું દુઃખ રજૂ કરે તો ભગવાન અને સંત તે દુઃખ દૂર કરતા જ હોય છે.

**૨. નીલકંઠવર્ણીએ કઠારી તોડી નાખી (ભાગ ૧, ઉદ્‌ગીથ ૧૦, પે. ૧૬૦)**

જ. મુક્તિનાથથી આગળ વધતાં વનમાં માર્ગ ભૂલેલા મોહનદાસને નીલકંઠવર્ણીનો યોગ થયો. વર્ણીએ તેને કહ્યું : 'હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું.' મોહનદાસે વિચાર કર્યો આ બ્રહ્મચારીની આગળ ચાલવું જેથી કોઈ વિઘ્ન આવે તો ચેતાવી શકાય. વર્ણીએ જોયું મોહનદાસ શુદ્ધ હૃદયનો સાધુ હતો. તેના અંતરમાં જગતની કોઈ કામનાઓ ન હતી પણ જગતના સારા પદાર્થોમાં તેનું મન ખેંચાતું પણ ખરું. વર્ણીની સાથે ચાલે, તેમના સ્વરૂપનાં દર્શન કરે, તેમના સ્વરૂપમાં તેના મનની વૃત્તિઓ ખેંચાય છે. છતાં વર્ણી પાસેની સુંદર કઠારી જોઈ તેને મોહ ઉત્પન્ન થાય છે. તે કઠારી તેને જોઈતી નથી, પણ સુંદર કઠારી તૂટે નહિ, બગડે નહિ તેવા સંકલ્પો તેને થવા લાગ્યા. શેવાળથી ચીકણા થઈ ગયેલા પથ્થરોવાળી નદીમાં પગ મૂકતાં તે નીલકંઠ વર્ણીને કહેતાં જાય છે. સંભાળીને ચાલજો. પથ્થર ઉપર લીલ જામી ગઈ છે એટલે પગ મૂકતાં લપસશો તો પડશો અને કઠારી તૂટી જશે. નદી પાર કરીને વર્ણીએ પથરા સાથે અફાળીને કઠારી તોડી નાખી. ત્યારે મોહનદાસે કહ્યું 'અરે આવી સુંદર કઠારી તોડી

નાખી ? ત્યારે વર્ણી કહે છે. તમે કઠારીને જ જોયા કરતા હતા પણ મારા તરફ જોતા ન હતા. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં જ આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ? મોહનદાસને પોતાના અજ્ઞાનનું ભાન થયું.

**મનન :** ભગવાન જ્યારે પાસે જ હોય ત્યારે જીવ તેમાં જોડાવાના બદલે સારા પદાર્થમાં બંધાય છે. ત્યારે ભગવાન તે જીવને તેમાં બંધાવા દેતા નથી. જીવ એક ભગવાનમાં જ બંધાયેલો રહે તે માટે ભગવાન સ્વયં તે પદાર્થનો નાશ કરી જીવની વૃત્તિ તેમાંથી તોડાવી પોતાનામાં જોડાવે છે. જે ભગવાન હોય તે જ આ લોકના પદાર્થોમાંથી વૃત્તિ તોડાવી શકે છે. ગીતામાં પણ કહ્યું છે કે 'मन्मना भव मद्‌भक्तो मद्याजी मां नमस्कुरु ।

**૩. ગજા ગઢવી પૂર્ણાનંદ બને છે. (ભાગ ૨, ઉદ્‌ગીથ ૩, પે. ૩૭-૩૮)**

જ. મેથાણના અજાભાઈ અને ગજા ગઢવીને મેમકામાં મહારાજની મોહક ચાલ જોઈ ભગવાનનો નિશ્ચય - ગજા ગઢવીનો પરિચય - બે જણાને સમાધિ - નરનારાયણાનંદ સ્વામીએ કહ્યું : અખે એમ કહ્યું છે કે બીજાંનાં નાડી-પ્રાણ જીવથી ન ખેંચાય. - બીજાનાં નાડી-પ્રાણ ખેંચે કે ન ખેંચે પણ આ જરૂર ભગવાન છે - તે બંનેને મહારાજે સ્નાન કરતાં કરતાં વર્તમાન ધરાવ્યાં.- મહારાજ દ્વારા દીક્ષા - પૂર્ણાનંદ સ્વામી.

**મનન :** મહારાજે દરેક મુમુક્ષુના મન જુદી જુદી રીતે હરિ લીધાં. પોતાની ચાલ માત્રથી જ ગઢવીને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવ્યો. અને સંસાર અસાર છે તેની દૃઢતા કરાવી દીક્ષા આપી.

**૪. ભાટ કરસનજી કુરાનના કલમા પઢે છે. (ભાગ ૧, ઉદ્‌ગીથ ૨૨, પે. ૪૫૬)**

જ. મેઘપુરમાં શ્રીહરિની આસપાસ બધા બેસીને મહારાજની વાતો સાંભળતા હતા. એટલામાં એક ફકીર ત્યાં આવ્યો. તેણે મહારાજને કહ્યું : 'તમે ખુદા છો ? ખુદા હો તો મને પરચો બતાવો.' શ્રીહરિએ તેને પૂછ્યું : તમે શું ભણ્યા છો ? ફકીરે કહ્યું હું કુરાન ભણ્યો છું. એટલે શ્રીહરિએ અમરસિંહના દીકરા કરસનજીને બોલાવી ફકીરને કહ્યું : આ અમારો કરસનજી પણ કુરાન ભણ્યો છે. તમારે પૂછવું હોય તો પૂછો. આટલો નાનો હિંદુનો છોકરો કુરાન ભણ્યો છે. એમ કરીને ફકીર હસવા લાગ્યો. શ્રીહરિની આજ્ઞા થતાં કરસનજીએ ફકીરનું નામ પૂછ્યું અને કહ્યું તમારુ નામ અબડાશા મારું નામ ખલબલશા. એટલું કહી તે કુરાન બોલવા લાગ્યો. સૌને આશ્ચર્ય થયું. ફકીર શ્રીહરિના પગમાં પડી ગયો. તેણે કહ્યું : અહો ! તમે તો સાક્ષાત્ ખુદા છો. આ કરસનજી કુરાન નો'તો બોલતો પણ તમે બોલતા હતા. મને તમારે શરણે લો અને તમારા નિયમ આપો. શ્રીહરિએ તેમને નિયમ આપ્યા અને કહ્યું : દારૂ ન પીશો, માંસ ન ખાશો, ચોરી અને વ્યભિચાર ન કરશો. આટલું કરશો અને અમને સંભારશો તો તમારું કલ્યાણ થશે.

**મનન :** મહારાજ અક્ષરધામમાંથી સો કરોડ મનવારો લઈને આવ્યા છે. કલ્યાણના વાવટા છૂટા મૂક્યા છે. કોઈપણ જ્ઞાતિનો કે જાતિનો વિચાર કર્યો નથી. સંબંધમાં આવનાર સૌનું કલ્યાણ કર્યું છે.

**૫. 'તમારા હિન્દુઓમાં અવળી રીત કેમ ?' (ભાગ ૧, ઉદ્‌ગીથ ૧૭, પે. ૩૪૭)**

જ. પીપલાણામાં એક જમાદારને નીલકંઠવર્ણીએ સમાધિ કરાવી. તેણે સમાધિમાં દિવ્ય સિંહાસન ઉપર નીલકંઠવર્ણીને બિરાજેલા જોયા. અનંત મુક્તો સાથે રામાનંદ સ્વામી પણ નીલકંઠવર્ણીની સ્તુતિ કરે છે. સમાધિમાંથી જાગ્યો ત્યારે તેણે કહ્યું 'તમારા હિન્દુઓમાં આ અવળી રીત કેમ ? અલ્લાહ હેઠે બેસે અને મુરસદ ઊંચે આસને બેસે.' ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું :'અમારી આ રીત તો અસલની છે. વશિષ્ઠ ઋષિ ઊંચે બેસતા અને રામચંદ્રજી નીચે બેસતા.'

**મનન :** ભગવાને હંમેશા ભક્તને પોતાના કરતાં ઊંચું પદ આપ્યું છે. ભગવાનને પ્રસન્ન કરવાનો સહેલો ઉપાય પણ ભક્તને રાજી કરો તો ભગવાન રાજી થાય છે. નરસિંહ મહેતાએ કીર્તનમાં કહ્યું છે. 'મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધ્યા હું ન છોડું' ગુરુ બ્રહ્મા ...... માં પણ ગુરુને પરબ્રહ્મની ઉપમા આપી છે.

**પ્ર.૯ નીચે આપેલા પાત્રોમાંથી કોઈપણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. સુવાસિની ભાભી (ભાગ ૧, ઉદ્‌ગીથ ૧ થી ૨૨)**

**પ્રસંગો :** ૧. ઘનશ્યામના બીજા જન્મોત્સવ સમયે ભાભીનું આગમન - ભક્તિમાતાને ઘનશ્યામની ચિંતા ઓછી રહેવા લાગી. ભાભી ઘનશ્યામની અત્યંત સંભાળ રાખતાં. ૧/૩૧

૨. ભાભીની વીંટી લઈ મીઠાઈ ખાધી તે પ્રસંગ. ૧/૪૯
૩. ભાભીની સાથે ઘનશ્યામ તરગામમાં. ૧/૫૩
૪. ઘનશ્યામના દેહમાંથી નીકળતા શીતળ પ્રકાશમાં રાત્રિના અંધકારમાં તરગામથી આંબલિયા. ૧/૫૪
૫. 'ભાભી ! હું તારો લાલ નહિ ?' આંબલિયામાં ઘનશ્યામ. ૧/૫૫
૬. તરગામમાં બળદેવ દૂબેના ખેતરમાં ચીભડાંના વેલા ખેંચી કાઢ્યા ત્યારે રામપ્રતાપે માર્યા તે સમયે ભાભીએ રામપ્રતાપભાઈને આપેલો ઠપકો. ૧/૫૭-૫૮
૭. 'ઘનશ્યામ ! ભૈયા ! હું મા નહિ ને ? પણ મેં તમને ક્યાં સાચવ્યાં છે ? તમારા ભૈયાએ આટલું માર્યા તોપણ હું આવી નહિ.' ભાભીનો વલોપાત. ૧/૫૯
૮. ભાભી ! તું હવે રડતી નહિ હોં, આપણે અયોધ્યા નથી જવું. ૧/૫૯
૯. ખાંપો વાગ્યો ત્યારે ભાભી રડવા લાગ્યા. 'ભાભી ! પાટો ખોલ જોઉં ''જુઠ્ઠા ! ભાભીને ગભરાવવા માટે પાટો બાંધ્યો છે ?'' ૧/૬૨
૧૦. દીદી (ભક્તિમાતા) એ મોકલેલી સુખડી ભાભીના મોઢામાં મૂકી દીધી. ૧/૬૩
૧૧. યજ્ઞોપવિતના મૂંડન પછી ભાભીએ માથામાં મારેલા ટકોરા. - ઘનશ્યામ ભાભીનો હાથ પકડીને કહે છે, 'હવે તો છોડીશ જ નહિ. તને જ હમણાં નવરાવી દઉં.' ભાભી, 'અરે મૂકો મૂકો, હાથ છોડો. બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય !' ૧/૭૨
૧૨. હજુ ત્રણ તાગડા તો ગળામાં પડ્યા નથી ને બ્રહ્મચારી શાના ? અત્યારથી ઢોંગ કરવા લાગ્યા ? ૧/૭૨
૧૩. માતાના ધામગમન પછી ભાભી ઘનશ્યામને જરા પણ અળગા મૂક્તા નહિ - ઘનશ્યામ ભાભીને કહેતાં 'ભાભી ! તને મૂકીને હું દૂર દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ. પછી તું મને ક્યાં ગોતવા આવીશ ?' ૧/૮૬
૧૪. ભાભી ઉદાસ રહેતાં ઘનશ્યામને કહે છે, 'તમે ઉદાસ રહો છો, પણ જો જો અમને રઝળાવીને ક્યાંય જતા ન રહેશો.' 'જેને મારો સંબંધ થયો છે તેને હું કદી રઝળાવીશ નહિ.' - ઘનશ્યામ ૧/૯૩-૯૪
૧૫. ઘનશ્યામના વિરહમાં ભાભીની ચિત્તભ્રમ દશા - અતિશય વિલાપ. ૧/૧૦૦ થી ૧૦૩

**વ્યક્તિત્વનું આલેખન :** પુરુષોત્તમનારાયણનો આ પૃથ્વી પર પ્રગટ થવાનો હેતુ પોતાના ભક્તોના લાડકોડ પૂરા કરવાનો છે. તે રીતે ભાભીને પણ જુદા જુદા પ્રસંગોએ દીયરનું, પુત્રનું અને ભગવાનનું સુખ આપે છે.

## ૨. રામાનંદ સ્વામી (ભાગ - ૧ ઉદ્‌ગીથ - ૧ થી ૨૨)

**પ્રસંગો :** ૧. ધર્મદેવને કાશીમાં થયેલો રામાનંદ સ્વામીનો યોગ - સ્વામીના બ્રહ્મચર્યની ધર્મભક્તિ પર પડેલી છાપ - રામાનંદ સ્વામીનો ગુરુ તરીકેનો સ્વીકાર - રામાનંદ સ્વામીનું આખ્યાન. ૧/૧૦થી૧૪
૨. લખુ ચારણે નીલકંઠવર્ણીને કરેલી રામાનંદ સ્વામી વાત. ૧/૨૯૯
૩. રામાનંદ સ્વામી અમારા ગુરુ સાક્ષાત્ ભગવાન તુલ્ય છે. તેમને મળશો તો તપ ફળશે - નરસિંહ મહેતા. ૧/૩૦૬
૪. શ્રીકૃષ્ણ સ્વયં આજે જીવોના કલ્યાણ માટે રામાનંદ સ્વામી દ્વારા પ્રગટ છે -મુક્તાનંદ સ્વામી -વર્ણીને ૧/૩૨૦
૫. સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે - રામાનંદ સ્વામીનો વર્ણીને સંદેશ ૧/૩૨૬
૬. વર્ણીનો પત્ર વાંચી ભાવોન્મુખ બનેલા રામાનંદ સ્વામી. ૧/૩૩૪
૭. સૌને વર્ણીનાં દર્શને જવાની આજ્ઞા - રામાનંદ સ્વામી. ૧/૩૩૪
૮. આ તો કૃષ્ણથી પણ મોટા છે - લાલજી સુથારને રામાનંદ સ્વામીએ ઓળાખાવેલું વર્ણીનું સ્વરૂપ. ૧/૩૩૬
૯. પીપલાણામાં રામાનંદ સ્વામી અને વર્ણીનું મિલન. ૧/૩૪૫ થી ૩૪૭
૧૦. અમારી આ રીત તો અસલની છે - રામાનંદ સ્વામી જમાદારને. ૧/૩૪૭
૧૧. નીલકંઠવર્ણીને આપેલી ભાગવતી દીક્ષા. ૧/૩૪૮
૧૨. મેઘપુર - રામાનંદ સ્વામી કહે છે - દેહે નાના દેખાય છે પણ સ્વરૂપે સૌથી મોટા - અતિ મહાન પરમાત્મા છે. ૧/૩૬૦
૧૩. બે સમાધિષ્ઠ બહેનો - લાડકીબાઈ ભાટ અને લાડકીબાઈ બ્રાહ્મણ. ૧/૩૬૦
૧૪. માણાવદરના નવાબ ગજેફરખઆનજી - નવાબનો માણસ - રામાનંદ સ્વામી કહે પ્રભુનો પેંગબર - પ્રભુ સહજાનંદ સ્વામી - વખત આવે પ્રતાપ બતાવશે. ૧/૩૬૦

૧૫. રામાનંદ સ્વામીનો અંતર્ધાન થવાનો સંકલ્પ. ૧/૩૬૫
૧૬. ધર્મધુરાની સોંપણી ૧/૩૭૧થી૩૮૦
૧૭. રામાનંદ સ્વામી અંતર્ધાન થાય છે. ૧/૩૮૫

**વ્યક્તિત્વનું આલેખન :** તેમના સારધાર બ્રહ્મચર્યના પાલનનો ધર્મદેવ અને ભક્તિમાતા પર પ્રભાવ પડ્યો ને ગુરુ તરીકે સ્વીકાર કર્યો. ભગવાન સદા સાકાર જ છે. ગુરુ આત્માનંદ સ્વામીથી નોખા પડ્યા પણ ઉપાસનાનો ભંગ થવા ન દીધો - એ જ ગુરુએ પોતાની ગાદી તેમને આપી - ભક્ત સમુદાયમાં તેઓના વર્તનથી ભગવાન તુલ્યની ઓળખ પ્રસ્થાપિત થઈ હતી. ત્યાગીવર્ગ પણ ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ માનતો - પૂર્ણ પુરુષોત્તમનારાયણને પણ થાંભલાને બાથ ભીડીને રહેવાની આજ્ઞા કરી. વનવિચરણ પૂરું કરાવી - મુમુક્ષુઓ માટે મોક્ષ માર્ગ ખોલ્યો. પોતાની ભગવાનના સ્વરૂપ તરીકે ભક્ત સમુદાયમાં ઓળખ હોવા છતાં પોતાનાથી ક્યાંય નાના એવા પ્રગટ ભગવાનને ઓળખી ભક્તોને પણ તેમનું સ્વરૂપ ઓળખાવ્યું. નિર્માનીતાની અસીમ પરાકાષ્ઠા - પોતાની ગાદી - અને ભક્ત સમુદાય ભગવાનને સોપીં પોતે અંતર્ધાન થઈ ગયા. - નિર્માનીતાની પરાકાષ્ઠા.

## વિભાગ - ૩ : ધાર્મિક વિધાનો અને ભાવનાઓ નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. પૂજા પછી તરત કરવાનું નિત્યકર્મ કયું છે? (૨/૧૮)
જ. પૂજા પછી તરત ઘરમંદિરમાં દર્શન કરી, માતા-પિતાને પંચાગ પ્રણામ કરવાં અને ઘરના અન્ય સભ્યોને પ્રણામસહ જય સ્વામિનારાયણ કહેવા.

૨. ટીવીના ઝેરથી બચવા માટે પ્રમુખસ્વામી મહારાજ કયો ઉપાય બતાવે છે ? (૧૦/૭૬)
જ. જો સંતોનો સમાગમ હશે અને મંદિરનો યોગ હશે, તો ટીવીના ઝેરથી બચી શકશો.

૩. માળાના બંને છેડા મળે ત્યાં આવતા મણકાને શું કહે છે ? (૩/૨૮)
જ. માળાના બંને છેડા મળે ત્યાં આવતા મણકાને 'સુમેરુ' કહે છે.

૪. સાષ્ટાંગ પ્રણામમાં વાણી અને મનનો સમાવેશ શા માટે કરવામાં આવ્યો છે ? (૩/૩૨)
જ. જીવનના પ્રત્યેક કર્મ ભગવાનનાં ચરણોમાં સમર્પિત કરવા માટે માનવી શરીરથી, વાણીથી અને મનથી ત્રણેય પ્રકારે કર્મ કરતો હોવાથી સાષ્ટાંગ પ્રણામમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૫. ષોડશોપચાર વિધિમાં પાદ્ય એટલે શું ? (૧/૬)
જ. પાદ્ય એટલે ચરણ ધોવા પાણી આપવું.

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. સત્સંગ સભા માટે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ શું કહે છે ? (૮/૫૮)**
જ. <u>બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ :</u> પચીસ હજારનો નફો જતો કરીને પણ રવિવારની સભામાં પહોંચી જવું. જેમ દુકાન ખોલવાના સમય પહેલાં અડધો કલાક વહેલા જવાય, તેમ રવિવારની સભામાં સ્વાર્થ જણાયો હોય તો વહેલું પહોંચી જ જવાય.

<u>પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ :</u> રવિવારની સભામાં આવવાથી આપણામાં દુર્ગુણ કે સ્વભાવ જે કલ્યાણમાં વિઘ્નકર્તા હોય તે ઓળખાય ને પછી ટાળવાનું બળ મળે.

**૨. સમજાવો : એક યા બીજા સ્વરૂપે મૂર્તિપૂજા સૌ કોઈ કરે જ છે. (૧/૩)**
જ. માતાપિતાની ચિત્રપ્રતિમા પાસે જતાં માની મમતા, પિતાનું વહાલ અને એમના સદ્‌ગુણોની મહેક અંતરમાં શું નથી ઊઠતી ? ગામના પાદરના પાળિયાથી, શહીદસ્મારકથી જનમાનસમાં દેશ માટે બલિદાનનાં બીજ વવાય છે. રાષ્ટ્રપિતા ગાંધીજીના પૂતળાથી કે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી લોકોના અંતરમાં રાષ્ટ્રીય ભાવના,

લોકચાહના જાગ્રત થાય છે. વ્યક્તિની પ્રત્યક્ષ અનુપસ્થિતિમાં ચિત્રપ્રતિમા કે મૂર્તિ એ વ્યક્તિના સદ્‌ગુણોની સુવાસ ફેલાવી રહે છે. મૂર્તિની આવી અદ્‌ભુત શક્તિ સૌએ અનુભવી છે. આથી જ લોકો, દેશમાં કે વિદેશમાં પોતાનો આદર વ્યક્ત કરવા પુષ્પમાળા અર્પે છે અને દીવો પ્રગટાવે છે. વિદેશમાં ઘણી જગ્યાએ શહીદોના સ્મારક પાસે અખંડ જ્યોત પ્રગટતી રાખવામાં આવે છે. જેની મૂર્તિમાંથી પ્રેરણા પામ્યા, સદ્‌ગુણો પામ્યા તે મૂર્તિ પ્રત્યે આદર વ્યક્ત કરીએ જ છીએ.

**૩. ડુંગળી-લસણનો નિષેધ કરતાં શાસ્ત્રોના બે સંદર્ભ લખો. (૧૧/૮૦)**

જ. **શિવપુરાણ**માં કહ્યું છે કે 'શિવભક્તે દારૂ-માંસ-ડુંગળી-લસણ વગેરે ન ખાવાં. **મનુસ્મૃતિ** (૫-૫)માં કહ્યું છે, 'લસણ-ડુંગળી જાણીને ખાનાર બ્રાહ્મણ પતિત થાય છે.' તો **કુરાન**માં પણ કહ્યું છે કે 'જે લસણ-ડુંગળી ખાય તે અમારી મસ્જિદમાં ન આવે. અમારાથી અળગા રહે. તેને ઘેર બેસી રહે' (હજરત સાહેબ કલમ-૪૪)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

**૧. કંઠી ધારણ કરતાં પહેલાં જમણા હાથમાં જળ અપાય છે અને મંત્ર બોલાવવામાં આવે છે તે શું છે ? (૫/૪૬-૪૭)**

જ. ભગવાનની શરણાગતિનો સ્વીકાર કરતાં પહેલાં શુદ્ધ થવું જરૂરી છે. જળ મળને દૂર કરે છે, સ્વચ્છતા અને પવિત્રતા અર્પે છે. આમ, જળમાં શુદ્ધિનો ગુણ છે. ભગવાનને શરણે જતાં, મન-કર્મ-વચને શુદ્ધ થવાના ભાવ સાથે જમણા હાથમાં જળ ધારણ કરવામાં આવે છે. વળી, હાથમાં જળ ધારણ કરવાનું બીજું પણ એક કારણ છે. જળ એ વરુણદેવનું સ્વરૂપ છે. અપ્સુ વૈ વરુણઃ (તૈત્તરીય - ૧૫/૫/૬) આથી, શાસ્ત્ર પ્રમાણે કોઈ પણ પ્રતિજ્ઞા, સંકલ્પ વરુણદેવની સાક્ષીએ કરવાના ભાવ સાથે હાથમાં જળ રાખવામાં આવે છે. જો પ્રતિજ્ઞાનો ભંગ કરવામાં આવે, તો વરુણદેવ તેને દંડ આપે છે. (અનૃતે ખલુ વૈ ક્રિયમાણે વરુણો ગૃહ્ણાતિ) (તૈત્તરીય - ૧/૭/૨/૬) જમણાં હાથમાં જળ ધારણ કરીને ભગવાનની શરણાગતિ પ્રતિઘોષિત કરતો મંત્ર નીચે પ્રમાણે બોલવામાં આવે છે : કાલ માયા પાપ કર્મ યમદૂત ભયાદહમ્ । સ્વામિનારાયણં શરણં પ્રપન્નોઽસ્મિ સ પાતુ મામ્ ॥ અર્થાત્ કાળ, માયા, પાપ, કર્મ, યમ વગેરેના ભયથી ત્રસ્ત (આધિ, વ્યાધિ, ઉપાધિથી પીડિત) હું ભગવાન સ્વામિનારાયણને શરણે આવ્યો છું. તેઓ મારું રક્ષણ કરે. ભગવાનનું શિરછત્ર મસ્તક પર આવતાં શરણાગત ભક્ત અન્ય સર્વે ભયથી મુક્ત બને છે. ભૂતકાળનો ભાર ઉતારી, ભવિષ્યની ચિંતા પ્રભુ પર છોડીને સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ નવું જીવન જીવવાનો પ્રારંભ કરે છે.

**૨. આરતી વખતે ઘંટ, નગારું અને શંખનો નાદ શા માટે કરવામાં આવે છે ? (૪/૪૨)**

જ. માણસની આંતરિક ઊર્મિઓ અને સંગીતને પહેલેથી જ ગાઢ સંબંધ રહ્યો છે. મનુષ્યને કોઈક અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થાય, કોઈક ક્ષેત્રમાં અદ્વિતીય સફળતા મળે અને એનો આનંદ અંતરમાં ન સમાય ત્યારે વિજયનો એ આનંદ વ્યક્ત કરવા સહજભાવે તે નાચી ઊઠે છે, હર્ષોદ્‌ગારો કરવા માંડે છે, ચિત્ર-વિચિત્ર અવાજો કરે છે અથવા તાળીઓ પણ વગાડવા માંડે છે. પ્રાચીન કાળમાં આનંદ વ્યક્ત કરવા આવી રીતો મનુષ્ય અપનાવતો. સમય જતાં આવો આનંદ વ્યક્ત કરવા તે ઘંટ, નગારું, ઝાલર, શંખ વગેરેનો નાદ કરવા લાગ્યો. ભક્તને પણ ભગવાનની પ્રાપ્તિનો આનંદ છે. આ આનંદ ઘોષિત કરવા ભક્ત પણ આવા માંગલિક નાદ કરવા લલચાય છે. રાજાના વિજયોત્સવમાં પણ આવા નાદ થાય તો ભગવાન તો રાજાધિરાજ છે. આથી જ એમના પૂજનમાં આરતી સમયે આ નાદ કરવામાં આવે છે. વળી, નાદની વાતાવરણ પર પણ અસર હોય છે. ઢોલ પર થાપ પડે, તબલાંની રમઝટ બોલે તો સોરઠી યુવાનના પગ નાચવા માટે થનગનવા માંડે. ઢોલ-તબલાંનો નાદ એના મન પર છવાઈ જાય છે. 'માર્ચિંગ બૅન્ડ' વાગે અને માણસનો ચાલવાનો લય બદલાઈ જાય છે. ડીસ્કો સંગીત વાગે અને યુવાનના પગ ઊપડવા માંડે. આ રીતે વિવિધ નાદની માનસપટ પર વિવિધ અસરો છે. ઘંટ, ઝાલર, નગારાંનો વિજયસૂચક માંગલિક નાદ પણ માનવીના માનસપટ પર છવાઈ જાય છે. કહોને કે ભગવાનની સર્વોપરિતા છવાઈ જાય છે. અન્ય સર્વે વિચારો પાછા વળતાં ભગવાનની આરતીમાં ભક્ત નિમગ્ન બને છે. આ રીતે, ભગવાનની પ્રાપ્તિનો આનંદ પ્રતિઘોષિત કરવાના હેતુથી તેમ જ ભગવાનનાં આરતી-પૂજનને અનુરૂપ દિવ્ય વાતાવરણનું નિર્માણ કરવાના હેતુથી આરતી વખતે ઝાલર, શંખ, નગારું વગેરેનો નાદ કરવામાં આવે છે.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. **તિલક-ચાંદલો** (૩/૨૨-૨૩) સંવત ૧૮૭૭માં શ્રીજીમહારાજે પંચાળામાં ફૂલદોલનો ઉત્સવ કર્યો. આ વખતે મહારાજે પંચાળાની ચંદન જેવી માટીની ગોટીઓ તૈયાર કરાવી સંતોને આપી અને બીજે દિવસે તિલક કરી આવવા જણાવ્યું. બીજે દિવસે સંતો જાતજાતનાં આડાં ઊભાં તિલક કરીને આવ્યા. શ્રીજીમહારાજે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી તેમના કપાળમાં ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક અને વચ્ચે ગોળ કુમકુમનો ચાંદલો કરી સૌને બતાવ્યું કે 'આ અમારા તિલક.' તિલક ભગવાનનાં ચરણારવિંદ છે તો ચાંદલો ભક્તનું પ્રતીક છે. ભક્તનું સ્થાન ભગવાનના ચરણમાં જ હોય છે. (આચાર્ય રઘુવીરજી મહારાજ વિરચિત અર્થદીપિકા-ટીકા ભાષ્ય) આમ, ભગવાન સાથે ભગવાનના ઉત્તમ ભક્તની પણ સેવાભક્ત સહિત ભગવાનની યુગલ ઉપાસના-સૂચિત થાય છે. તિલક-ચાંદલો દાસત્વ વ્યક્ત કરે છે. આથી અંતરમાં 'હું ભગવાનનો દાસ છું.' એનું સતત અનુસંધાન રહે. જીવનમાં નમ્રતા આવે. નમે તે પ્રભુને ગમે. પ્રભુને ગમે તે સૌને ગમે. વળી, ભગવાનની નાની મોટી આજ્ઞાઓ પાળવાનું પણ સતત જાણપણું રહે. કદાચ આપણે ભૂલ કરી બેસીએ તો ભગવાન અન્ય વ્યકિતઓમાં રહીને પણ આપણને સન્માર્ગે વાળે. આથી જીવનમાં ખોટું કામ કરતાં આપણે સહેજે અટકીએ છીએ, નૈતિક બળ વધે છે. દુર્જનો આપણને ભક્ત જાણીને જાતે જ દૂર રહે છે. આથી ખોટી સોબતથી સહજપણે બચી શકાય છે. લોકલાજ તૂટે છે. ભગવાનના ભક્તપણાની અસ્મિતા જાગૃત થાય છે. હિંમત પ્રગટ થાય છે. આથી ભક્ત મનનો ગુલામ નથી બનતો પણ મનનો સ્વામી બને છે. પરિણામે, આંતરિક દોષો પર પણ વિજય પ્રાપ્ત થાય છે. આત્મબળ પ્રગટે છે અને ભગવાનના આશરાનું બળ પણ પ્રગટ થાય છે. લોકમાં પણ આ જ હેતુથી વિશેષ જવાબદારી બજાવતી વ્યક્તિઓને અમુક જ પહેરવેશ પહેરવાની ફરજ પાડવામાં આવે છે. દા.ત. પોલીસ, નર્સ, જજ વગેરે. પોલીસને ખાખી કપડાંથી શક્તિ વધતી નથી, નર્સને સફેદ વસ્ત્રોથી સેવાની ભાવના વધી જતી નથી, જજને કાળા કોટથી ન્યાયબુદ્ધિ વધતી નથી, પણ એમને પોતાની જવાબદારીનું ભાન રહે તે માટે બાહ્યોપચાર લાભદાયક છે. આ જ રીતે તિલક-ચાંદલો પણ દાસત્વભાવનું, ભક્તપણાનું સતત જાણપણું આપતું લાભદાયક ચિહ્ન છે.

૨. **વિદ્યાભ્યાસ માટે ટીવી એક સફળ માધ્યમ ન કહી શકાય ?** (૭૪)

જ. ટીવી એક માધ્યમ છે. થાળીમાં કઈ વાનગી પીરસાય છે તેનું મહત્ત્વ છે, નહીં કે થાળીનું. થાળી તો સાધન છે. ટીવી પણ સાધન છે. અત્યારનું સર્વેક્ષણ જોતાં ટીવીના કાર્યક્રમોમાં શૈક્ષણિક કાર્યક્રમો બહુ જ ઓછા આવે છે. આવે છે તે પણ સામાન્ય. વિશિષ્ટ બુદ્ધિ ધરાવનારને રસ પડે તેવા કાર્યક્રમો નથી હોતા. ટીવીના શૈક્ષણિક કાર્યક્રમો જોવાની ટેવ પડે પછી બીજું જોવા લલચાઈ જ જવાય છે, જે નુકસાનકારક છે. ટીવીને કારણે વાંચનની ટેવ છૂટી જાય છે, જેથી વૈચારિક શક્તિ નાશ પામે છે. ટીવીના કારણે વિદ્યાર્થીને રમત-ગમતમાંથી રસ ઘટે છે. શાળામાં ટીવીના શૈક્ષણિક હેતુ અંગેના વપરાશ પછી બ્રિટનના એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે શાળાકીય ટીવીથી વિદ્યાર્થીઓમાં લખવાની આવડત તથા ઝડપ નોંધપાત્ર રીતે ઘટી છે. મોસ્કોના એક શૈક્ષણિક સેમિનારમાં સોવિયેત સેન્ટ્રલ ટેલિવિઝનના કાર્યક્રમોના મુખ્ય એડિટર શ્રી વિલેન ઈગોરોવે જણાવ્યું છે કે 'શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સીધો સ્નેહસંબંધનો વાર્તાલાપ જ શૈક્ષણિક હેતુ માટે શ્રેષ્ઠ છે, ટીવી તેનું સ્થાન લઈ શકે નહીં.' હા, વિમાનચાલકની તાલીમમાં, અવકાશયાત્રીઓના શિક્ષણમાં ટીવી અને કોમ્પ્યુટરની સંયુક્ત સહાય ઘણી ઉપયોગી છે. અન્યથા, સામાન્ય શિક્ષણમાં તો એ સફળ નીવડ્યું નથી.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. - સામાન્યજ્ઞાન નિબંધ (કુલ ગુણ ૧૫) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં)**

**નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **ટીન એજ સંતાનો અને માનસિક તાણ :** (૧) ટીન એજ સંતાનો એટલે ૧૩ થી ૧૯ વર્ષના સંતાનો - આ સંતાનોમાં છેલ્લા દાયકામાં માનસિક તાણનું પ્રમાણ વિશેષ. (૨) શું કારણ છે ? આ માનસિક તાણનું ? કેમ આપણા સંતાનોમાં જ આ પ્રમાણ વધતું રહ્યું છે. હજુ ૧૯૮૦ સુધી તો મનોવૈજ્ઞાનિકો એમ જ માનતા કે નાની

ઉંમરના કિશોરોમાં માનસિક તાણ કે ડિપ્રેશનની લાગણી ઉદ્ભવતી જ નથી - કારણ તેઓ કોઈપણ પ્રસંગને ઝડપથી ભૂલી જાય છે. પરંતુ ટીન એજ યુવાનોમાં ડિપ્રેશનના રોગના પ્રમાણમાં દિન-પ્રતિદિન વૃદ્ધિ - ઇન્ડિયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચના સર્વેક્ષણ મુજબ ભારતના યુવાનોમાં ૧૨.૮% આ રોગથી પીડાય છે. આનું મુખ્ય કારણ સ્વકેન્દ્રી ઉછેર - જે માંગે તે પોતાને મળવું જ જોઈએ એવી વૃત્તિ અને ન મળે તો ધીરજ ખોઈ બેસે, હતાશા આવે. (૩) માતાપિતા પાસેથી 'ના' શબ્દ સાંભળ્યો જ નથી તેવા બાળકોને જ્યારે એવો સમય આવે ત્યારે ખૂબ નિરાશા - આનો એક જ માર્ગ તેમને દેખાય છે - 'આત્મહત્યા' - વિદેશો કરતાં આ પ્રમાણ ભારતમાં ઊંચું - ઘણી વખત આત્મહત્યાના પ્રયાસ લોકોની સહાનુભૂતિ મેળવવા અથવા લોકોનું, સગાનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે થાય છે. આ એક ભયંકર રોગ છે. (૪) ડિપ્રેશનના સૌથી મોટાં ત્રણ કારણ ૧. શાળા કોલેજના અભ્યાસમાં નિષ્ફળતા અથવા નિષ્ફળતાનો ભય ૨. પ્રેમમાં નિષ્ફળતા કે અવરોધ ૩. માતા-પિતા સાથે અણબનાવ આ સિવાય ૪. આર્થિક (પ્રસંગો) (૫) માતા-પિતા સંતાનોના વિકાસ માટે ઘણો ખર્ચ કરવા તૈયાર થઈ જાય પણ સંતાનો જો નિષ્ફળ જાય તો તે સ્વીકારવાની માનસિક તૈયારી માતા-પિતાની હોતી નથી. તેથી સંતાનોમાં હતાશા વ્યાપી જાય છે. (પ્રસંગો) (૬) સામાન્ય રીતે માણસને દરરોજના નાના મોટા પ્રસંગોમાં થોડી ઘણી નિરાશા આવે છે પણ તે ઝાઝી ટકતી નથી પરંતુ જ્યારે સંતાનો ઘણા દિવસ સુધી ઉદાસ, સૂનમૂન રહે, ચીડિયો સ્વભાવ થઈ જાય, વસ્તુની તોડફોડ કરે, જીવનમાં રસ ઊડી ગયેલો જણાય ત્યારે માબાપે યોગ્ય મનોચિકીત્સકની અથવા સંતોની મદદ, સ્વામીશ્રીની સલાહ લેવી જોઈએ. ઘણી વખત ડિપ્રેશનમાંથી નીકળવા ડ્રગ્સનો, વ્યસનનો આશરો યુવાનો લે છે આ ખૂબ ખતરનાક છે. સ્વામીશ્રી પાસે આવા અનેક યુવાનોના પ્રશ્નો આવે છે અને સ્વામીશ્રી માતા-પિતા તથા યુવાનોને સાથે રાખીને યોગ્ય માર્ગદર્શન આપે છે. (૭) સ્વામીશ્રીનું માર્ગદર્શન સચોટ - હેતપ્રીતથી સમજાવે - આત્મહત્યાનો વિચાર કરનાર યુવાનને હૂંફ આપે તેની મૂંઝવણને સમજે (પ્રસંગો) - માતા-પિતાને આ માટે સ્નેહ, ધીરજ, સમજણ અને સત્સંગ આ ચાર સર્વશ્રેષ્ઠ ઉપાયો સૂચવે છે. (૮) બાળકો નાનાં હોય ત્યારથી જ તેમનામાં શ્રદ્ધાનું સિંચન આવશ્યક - અનન્ય શ્રદ્ધાથી જ જીવનમાં મુશ્કેલીઓ સામે ટકી રહેવાનું બળ - બાળકોને ઘરસભામાં રસ લેતા કરવા, મહાન સંતો - ભક્તોનાં ચરિત્રો કહેવાં, ચારિત્ર્યવાન વ્યક્તિઓના પ્રસંગો કહેવા - મૂંઝવણોમાં સ્થિરતા રાખી હોય તેવા ભક્તોની વાતો કરવી - નિષ્ફળતામાં સમતુલા રાખી હોય તેવા ભક્તોને યાદ કરવા. (૯) આ બધાના ઉપાય માટે સ્વામીશ્રીએ સૂચવેલ પ્રાચીન પરંપરા (ઘરસભા) સમૂહભજન, સમૂહભોજન વગેરેને ઉપયોગમાં લેવા જ પડશે. આ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી - ઉપસંહાર.

૨. **પ્રશ્નોનું સમાધાન : આત્મવિચાર :** (૧) આત્મવિચારનો અર્થ - આત્મવિચાર એટલે આપણે આત્મા છીએ - દેહ નથી એવો વિચાર કરવો એટલે આત્મવિચાર. (૨) આત્મ-વિચાર એટલે હું આત્મા છું, અક્ષર છું, આત્મા સુખરૂપ - દેહ દુઃખરૂપ છે નાશવંત છે આત્મા અવિનાશી છે આવો વિચાર કરવો. આ એક પ્રકારની અંતર્દષ્ટિ. (૩) આત્મવિચારનું દૃષ્ટિબિંદુ ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ - ખાસ કરીને B.A.P.S. માં જ. આત્મા-પરમાત્મા જુદા છે - દેહ અને આત્મા જુદા છે - આત્મારૂપે સત્સંગમાં રહીએ તો ટકી રહેવાય - વચનામૃત-સ્વામીની વાતો તથા અન્ય ગ્રંથોના અવતરણ, કીર્તન વગેરે આપી શકાય. (૪) આત્મ-વિચાર કરવાથી અનેક પ્રકારનું સમાધાન મળી રહે છે. કોઈ અપમાનિત કરે, બે શબ્દ બોલી જાય, કોઈ કટાક્ષમાં કંઈ કહી જાય, ગાળ દે ત્યારે આત્મવિચાર કેળવ્યો હોય તો કંઈ દુઃખ જ ન લાગે - બધું દુઃખ દેહભાવમાં જ રહેલું છે. (પ્રસંગો) શ્રીજીમહારાજથી લઈને ગુરુપરંપરાએ આત્મારૂપે રહીને જ મહારાજની ભક્તિ કરી છે. શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છતાં અનેક અપમાનો સહન કર્યાં છે - ગુરુપરંપરામાં પણ આ જ રીતિ ચાલી આવે છે (પ્રસંગો) વચનામૃત-સ્વામીની વાતોના મુદ્દા લઈ શકાય. (૫) જે દુઃખ થાય છે તે દેહભાવને લઈને થાય છે. કોઈ અપમાન કરે તો દુઃખ થાય, ઉદ્વેગ થાય પરિણામે સત્સંગમાંથી પાછા પડી જવાય - દેહભાવ રૂપે વર્તવાથી અનેક પ્રશ્નો ઉભા થાય (હરખા પટેલ વગેરે પ્રસંગો) (૬) આત્મવિચારને પામ્યા છે તેમના જીવનમાં પ્રશ્નો, મૂંઝવણો આવ્યા છે પણ આ વિચારને લીધે સામનો કરવાનું, ધીરજ રાખવાનું બળ પ્રાપ્ત થયું છે. (પ્રસંગો) અને જે આત્મવિચાર કરે છે તે જ સાચો જ્ઞાની છે. જ્ઞાનીને મન તો સુખ કે દુઃખ બંને પરિસ્થિતિમાં સ્થિરતાથી રહી શકે છે. (પ્રસંગો) (૭) એટલે જ, અનેક પ્રશ્નોનું સુખદ સમાધાન એટલે આત્મવિચાર - ઉપસંહાર.

૩. **વૃદ્ધ છતાં કર્મમાં કટિબદ્ધ પ્રમુખસ્વામી મહારાજ : (૧)** વૃદ્ધ અને કર્મઠ અથવા વૃદ્ધ છતાં કર્મમાં કટિબદ્ધ આ બંને શબ્દો એકબીજાથી વિરુદ્ધ. વૃદ્ધ હોય તે સામાન્ય રીતે કર્મમાં કટિબદ્ધ ન હોય અને જે કર્મમાં કટિબદ્ધ હોય તે વૃદ્ધ ન હોય. **(૨)** પ્રમુખસ્વામી મહારાજ ૯૦ વર્ષે પણ પોતાના કાર્યમાં કટિબદ્ધ - સંસ્થાના પ્રમુખપદે બિરાજ્યા ત્યારથી જે કર્મઠતા હતી તે આજે પણ તેવી જ અકબંધ (પ્રસંગો) શારીરિક રીતે, સ્વાસ્થયની રીતે કદાચ સ્વામીશ્રીનાં કાર્યોમાં પહેલાનાં પ્રમાણમાં મર્યાદા આવી હશે પણ માનસિક રીતે અને નિર્ણયશક્તિમાં તો સ્વામીશ્રીની કાર્યનિષ્ઠા ૨૫ વર્ષના યુવાનને પણ શરમાવે તેવી. (પ્રસંગો) **(૩)** સ્વામીશ્રીનું વિચરણ પણ આટલા વર્ષે પણ ચાલુ જ છે. સામાન્ય રીતે આટલી ઉંમરે મનુષ્ય એક જ જગ્યાએ સ્થિરતાથી પગ વાળીને બેસે અને નિરાંતનો શ્વાસ લે પરંતુ સ્વામીશ્રી આટલી ઉંમરે પણ પગ વાળીને બેસતા નથી. પોતાના ઉતારામાં રહ્યા થકા દરરોજના સેંકડો હરિભક્તોના પત્રોના જવાબો આપે છે - ફોનથી, ફેક્સથી મળે છે. (પ્રસંગો) પત્રોના ઉત્તરો - યથાયોગ્ય રીતે આપે છે. ભક્તોની મૂંઝવણમાં યથાર્થ માર્ગદર્શન આપે છે. (પ્રસંગો) **(૪)** આ ઉપરાંત સંસ્થાનાં અનેક કાર્યોમાં સ્વામીશ્રીની નિર્ણયશક્તિ ગજબની ઝળકી ઉઠે છે. (પ્રસંગો) મંદિરોના નિર્માણ માટે જમીન લેવાથી માંડીને છેક મૂર્તિપ્રતિષ્ઠા સુધી સ્વામીશ્રી સતત પ્રવૃત્તિશીલ (પ્રસંગો) **(૫)** આ બધાની સાથે સાથે નિયમ-ધર્મનું દૃઢતાથી પાલન - સદ્‌ગ્રંથોનું વાંચન વગેરે તેમજ અનેક મુલાકાતો વગેરે તો ચાલુ જ હોય છે. (પ્રસંગો) (૬) આમ સ્વામીશ્રી વૃદ્ધ છતાં કર્મમાં કટિબદ્ધ છે તો કહી શકાય કે સ્વામીશ્રી વૃદ્ધ નથી એ બાબતની તેમની કર્મઠતા ગવાહી પૂરે છે. - ઉપસંહાર.

❑ ❑ ❑